ખેડા જિલ્લાનો ફાગવેલ તાલુકો રાજ્યનો સૌથી નાનો તાલુકો બન્યો

ફાગવેલ તાલુકાને આખરી મહોર માત્ર 17 ગામનો સમાવેશ કરાયો

વડુ મથક બાબતે સર્જાયેલા વિવાદ અંતે ફાગવેલને જ તાલુકા મથકનો દરજ્જો મળ્યો

કપડવંજ, કઠલાલ અને ઠાસરાના ગામોને આવરી લેવાયા

(પ્રતિનિધિ) કપડવંજ તા.7

રાજ્ય સરકાર દ્વારા ખેડા જિલ્લાના નવરચિત ફાગવેલ તાલુકાના ગામોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. આ જાહેરાત સાથે જ ફાગવેલ હવે માત્ર 17 ગામો સાથે ગુજરાત રાજ્યનો સૌથી નાનો તાલુકો બની ગયો છે. સપ્ટેમ્બર 2025માં રાજ્યમાં જાહેર કરાયેલા 17 નવા તાલુકાઓ પૈકીના એક એવા ફાગવેલના વડા મથકને લઈને સર્જાયેલા વિવાદનો અંત આવ્યો છે અને સરકારે ફાગવેલને જ વડુ મથક તરીકે માન્યતા આપી છે.

ફાગવેલને તાલુકાનો દરજ્જો આપવાની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે શરૂઆતમાં કાપડીવાવ (ચીખલોડ)ને વડુ મથક જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં કપડવંજના 28 અને કઠલાલના 9 ગામોનો સમાવેશ કરવાની યોજના હતી. જોકે, આ નિર્ણય સામે સ્થાનિક સ્તરે વિરોધ થતાં અને ફાગવેલને જ વડુ મથક બનાવવાની માંગ ઉઠતા, સરકારે લોકલાગણીને ગ્રાહ્ય રાખી ફાગવેલને વડા મથક તરીકે જાહેર કર્યું હતું. પરંતુ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી નવી યાદી મુજબ, ફાગવેલ તાલુકામાં હવે કપડવંજ, કઠલાલ અને ઠાસરા એમ ત્રણ તાલુકાના કુલ 17 ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ, લાંબા સમયના વિવાદ અને મથામણ બાદ અંતે ફાગવેલ તાલુકાનું કાર્યક્ષેત્ર સ્પષ્ટ થયું છે, જે હવે રાજ્યના નકશા પર સૌથી નાના વહીવટી એકમ (તાલુકા) તરીકે ઓળખાશે.

નવા તાલુકામાં સમાવિષ્ટ ગામોની યાદી

- **કપડવંજ તાલુકાના ગામો:** ખડોલ, ચિખલોડ, દનાદરા, માલ ઇટાડી પગી ભાગ, માલ ઈંટાડી બારૈયા ભાગ અને વડોલ.
- **કઠલાલ તાલુકાના ગામો:** ચારણ નિકોલ, પોરડા ફાગવેલ, ફાગવેલ, કુલછત્રપુરા, લક્ષ્મણપુરા, લસુન્દ્રા, લાડવેલ, વિશ્વનાથપુરા અને સિકંદર પોરડા.
- **ઠાસરા તાલુકાના ગામો:** ખડગોધરા અને ભાટવાસણા.

કપડવંજના 6 ગામોનો વિરોધ

ફાગવેલને નવા તાલુકા અને વડુમથક તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. જોકે, કપડવંજના આ 6 ગામોના સરપંચો અને અગ્રણીઓએ આ નિર્ણય સામે વિરોધ નોંધાવ્યો છે. તેમની મુખ્ય માંગ એ છે કે જો ફાગવેલ તાલુકાનું વડુમથક 'કાપડીવાવ' રાખવામાં ન આવે, તો તેઓ કપડવંજ તાલુકામાં જ રહેવા ઈચ્છે છે. આ બાબતે અગ્રણીઓએ એકસૂરે અવાજ ઉઠાવીને કપડવંજ પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર પાઠવી પોતાનો વિરોધ પ્રગટ કર્યો છે.

જમીન કૌભાંડ પ્રકરણમાં કુખ્યાત માસુમ મહીડાનું નામ ખુલ્યુ

ડભાણમાં મૃતકના નામે બોગસ પાવર ઓફ એટર્ની બનાવી દીધી

બનાવટી દસ્તાવેજો તૈયાર કરી ખેતીની જમીનનો સોદો પાર પાડ્યો

(પ્રતિનિધિ)નડિયાદ, તા.7

નડિયાદ રૂરલ પોલીસ મથકની હદમાં આવતા ડભાણ ગામની સીમમાં કિંમતી ખેતીની જમીન પચાવી પાડવા માટે એક મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. આ કેસમાં વર્ષો પૂર્વે અવસાન પામેલા એક મહિલાના નામે બોગસ પાવર ઓફ એટર્ની બનાવી જમીનનો વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવ્યો હતો. આ મામલે જિલ્લા જમીન તકેદારી સમિતિની તપાસ બાદ નડિયાદના સબ રજીસ્ટ્રારે ચાર શખ્સો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

આ ઘટનાની વિગત મુજબ, ડભાણ ગામની સીમમાં સર્વે નંબર 162 પૈકીની ખેતીની જમીન માલિક કાશીબેન ઉર્ફે કમુબેન પાંચાભાઈનું અવસાન તારીખ 03/12/1981ના રોજ થયું હતું. આમ છતાં, આર્થિક લાભ મેળવવાના બદ ઈરાદા સાથે આરોપીઓએ મેળાપીપણું રચી તારીખ 10/04/2014ના રોજ મૃતક કાશીબેનના નામે એક બોગસ પાવર ઓફ એટર્ની તૈયાર કરી હતી. આ નકલી દસ્તાવેજનો સાચા તરીકે ઉપયોગ કરી તારીખ 09/06/2014ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમાં કોઈ પણ પ્રકારનો અવેજ ચૂકવ્યા વગર જમીનનો વેચાણ દસ્તાવેજ નોંધણી કરાવી દેવામાં આવ્યો હતો. જિલ્લા જમીન તકેદારી સમિતિમાં આ અંગેની અરજી થતા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં દસ્તાવેજો બોગસ હોવાનું સાબિત થયું હતું. જેના આધારે સબ રજીસ્ટ્રાર આશિષકુમાર પ્રભાતસિંહ તાવિયાડે નડિયાદ રૂરલ પોલીસ મથકે બાબુભાઈ શનાભાઈ પરમાર, પરેશકુમાર ભાનુપ્રસાદ પટેલ, વસંતભાઈ ઐતાભાઈ ખ્રિસ્તી અને માસુમભાઈ કાળુભાઈ મહીડા વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસ આ મામલે આરોપીઓની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

સોજિત્રામાં બંધ મકાનમાંથી ₹4.02 લાખની મત્તા ચોરી

પરિવારજનો લગ્ન પ્રસંગે ગયા હતા તે દરમિયાન તસ્કરો દાગીના સાથે ડોલર પણ તફડાવી ગયા

(પ્રતિનિધિ) સોજિત્રા તા.7

સોજિત્રા તાલુકાના કાસોર ગામમાં કરિયાણાની દુકાન ચલાવતા વેપારીના પરિવારને લગ્ન પ્રસંગમાં જવું ભારે પડ્યું હતું. પરિવારની ગેરહાજરીનો તસ્કરોએ ઘરના તાળા તોડી કુલ રૂ. 4.02 લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

સોજિત્રાના કાસોર ગામમાં રહેતા અમિતભાઈ જશભાઈ પટેલ કરિયાણાનો વેપાર કરે છે. તેઓ 5મી જાન્યુઆરી, 2026ના રોજ પોતાના પરિવાર સાથે પિપલગ ગામે એક સામાજિક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. આખો દિવસ પ્રસંગમાં વિતાવ્યા બાદ તેઓ રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યે ઘરે પરત ફર્યા હતા. ઘરમાં પ્રવેશ્યા બાદ જ્યારે અમિતભાઈના પત્ની બીજા માળે આવેલા બેડરૂમમાં ગયા, ત્યારે ત્યાં બધું વેરણછેરણ જોવા મળતા ઘટના પ્રકાશમાં આવી હતી.

તસ્કરોએ ઘરના બેડરૂમનો પાછળનો દરવાજો અને તિજોરી તોડી અંદર રાખેલો તમામ સામાન અસ્તવ્યસ્ત કરી નાખ્યો હતો. તિજોરીમાંથી સોનાનો સેટ, સોનાનું કડું અને બે જોડી સોનાની બુટ્ટી, 200 યુએસ ડોલર અને 100 કેનેડા ડોલર, રૂ. 2,500ની રોકડ સહિત કુલ રૂ.4,02,500ની મત્તા ચોરી રફુચક્કર થઈ ગયા હતા. આ ઘટના અંગે અમિતભાઈ પટેલે તસ્કરો વિરુદ્ધ સોજિત્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

નડિયાદમાં અનેક મતદારોના ફોટા ન બદલાતા વહીવટી કામગીરી સામે ઉઠ્યા સવાલો

નડિયાદ વિધાનસભાની મતદાર યાદીમાં તંત્રના 'છબરડા'થી રોષ

નવા રંગીન ફોટા આપ્યા છતાં યાદીમાં જૂના જ ફોટા દેખાયા હોવાની કોંગ્રેસ દ્વારા પ્રાંત અધિકારીને રજૂઆત

(પ્રતિનિધિ) નડિયાદ તા.7

રાજ્યમાં હાથ ધરવામાં આવેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશ બાદ પ્રસિદ્ધ થયેલી મુસદ્દા મતદાર યાદીમાં ગંભીર ખામીઓ સપાટી પર આવી છે. નડિયાદ વિધાનસભા મતદાર વિભાગ માટે ગત 16 ડિસેમ્બર 2025 ના રોજ જે યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી, તેમાં અનેક મતદારોના ફોટા બદલાયા ન હોવાની રજૂઆત ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવી છે. આ ગંભીર ક્ષતિ અંગે જિલ્લા ચૂંટણી સંકલન સમિતિના કન્વીનર દ્વારા નડિયાદના પ્રાંત અધિકારી અને મતદાર નોંધણી અધિકારીને પત્ર પાઠવી તપાસની માંગ કરાઈ છે.

કોંગ્રેસની રજૂઆત મુજબ, મતદારોએ અગાઉ ઈન્યુમરેશન ફોર્મ (ગણતરી ફોર્મ)માં સંપૂર્ણ વિગતો ભરીને તેની સાથે તાજેતરના નવા રંગીન ફોટા બીએલઓને જમા કરાવ્યા હતા. તેમ છતાં, ગત 5મી જાન્યુઆરી 2025 ના રોજ પ્રસિદ્ધ થયેલી યાદીમાં જે જૂના ફોટા હતા, તે જ ફોટા હાલની નવી મુસદ્દા યાદીમાં પણ યથાવત રાખવામાં આવ્યા છે. મતદારોએ નવેસરથી વિગતો આપી હોવા છતાં તેનો સમાવેશ ન થતા તંત્રની કામગીરી શંકાના દાયરામાં આવી છે.

કોંગ્રેસ સમિતિએ પુરાવા સાથે રજૂ કરેલી યાદીમાં દિનશા ઝવરભાઈ પટેલ, નવીનચંદ્ર કાંતિલાલ ભાવસાર, દેવેન્દ્રભાઈ કાન્તીભાઈ પટેલ, હાર્દિકભાઈ અશ્વિનભાઈ ભટ્ટ, અયુબખાન અશરફખાન પઠાણ, ગોકુલ અરુણકુમાર શાહ અને મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ જેવા મતદારોના કિસ્સામાં ફોટાની વિસંગતતા સામે આવી છે. આ તમામ મતદારોના ભાગ નંબર બદલાયા હોવા છતાં ફોટા જૂના જ રાખવામાં આવ્યા છે.

આ ક્ષતિઓ બાબતે ગંભીરતાથી તપાસ કરીને આગામી 14 ફેબ્રુઆરી 2026 ના રોજ પ્રસિદ્ધ થનારી આખરી મતદાર યાદીમાં જરૂરી સુધારા કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. જો સમયસર સુધારો નહીં કરવામાં આવે તો આગામી સમયમાં મતદારોની ઓળખ પ્રસ્થાપિત કરવામાં મુશ્કેલી પડી શકે તેમ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લામાં સરની કામગીરીનો બીજો તબક્કો ચાલી રહ્યો છે. જેમાં કેટલાક મતદારોને પુરાવા સહિતની બાબતો અંગે નોટિસ આપવાની કાર્યવાહી પણ ચાલી રહી છે. તેમાં પણ મતદારોને ભારે પરેશાની ભોગવવી પડી રહી છે.

સારસા ગામમાં આંકડાનો જુગાર રમતા 3 પકડાયાં

ખંભોળજ પોલીસે દરોડો પાડી રૂ. 15 હજારના મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.7

ખંભોળજ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં આવતા સારસા ગામના વડતળાવ પાસે ખુલ્લી જગ્યામાં ચાલતી આંકડાના જુગારની અસામાજિક પ્રવૃત્તિ પર પોલીસે સફળ દરોડો પાડ્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ત્રણ શખ્સોને રંગેહાથ ઝડપી પાડી તેમની પાસેથી આંકડા લખેલી સ્લીપબુક અને રોકડ રકમ સહિત કુલ રૂ. 15,830નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ખંભોળજ પોલીસને બાતમી મળી હતી કે, સારસા વડતળાવ પાસેની ખુલ્લી જગ્યામાં આંકડાના જુગારની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે સ્થળ પર છાપો મારતા, બે ઇસમો નીચે બેઠેલા એક વ્યક્તિને આંકડા લખાવતા નજરે પડ્યા હતા. પોલીસે સમયસૂચકતા વાપરી આ ગુનાખોરોને સ્થળ પર જ કોર્ડન કરી દબોચી લીધા હતા. ખંભોળજ પોલીસે પકડાયેલા શખ્સોની અંગજડતી કરતા તેમની પાસેથી આંકડા લખેલી સ્લીપબુક, કાર્બન પેપર અને ચલણી નોટો મળી કુલ રૂ. 15,830નો મુદ્દામાલ મળી આવ્યો હતો, જે પોલીસે કબ્જે લીધો છે. આ શખસોની પુછપરછ કરતાં તે જયેન્દ્રસિંહ ઉર્ફે શંભુ જશવંતસિંહ મહીડા (રહે. સારસા), સુરેશભાઇ ચંદુભાઇ પરમાર (રહે. સારસા), ફિરોજભાઇ મહંમદભાઇ પઠાણ (રહે. સારસા) હોવાનું જણાવ્યું હતું. આ ત્રણેય વિરુદ્ધ ખંભોળજ પોલીસે ગુનો નોંધ્યો હતો.

કાભઈપુરા શાળાના શિક્ષિકાને નોટિસ : 7 દિવસમાં ખુલાસો માંગવામાં આવ્યો

આણંદ : કાભઈપુરા શાળામાં નાણાકીય ગેરરીતિ પકડાઈ

એસએમસીની મંજૂરી વિના ખર્ચ અને ડમી સહી દ્વારા ખોટા વાઉચરો બનાવ્યા હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદ તાલુકાની કાભઈપુરા પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષિકા તરીકે ફરજ બજાવતા અલ્પાબેન એચ. પટેલને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા ગંભીર ગેરરીતિઓ બદલ કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે. શાળાના વહીવટમાં પારદર્શિતાનો અભાવ અને નિયમોના ઉલ્લંઘન બદલ આ કાર્યવાહી કરવામાં આવી છે.,

આણંદ તાલુકાની કાભઈપુરા પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષિકાને આપેલી નોટિસમાં જણાવ્યા અનુસાર, શિક્ષિકાએ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોની સંમતિ મેળવ્યા વિના કે મીટિંગ બોલાવ્યા વગર મનસ્વી રીતે ખર્ચ કર્યો હતો. આ તપાસમાં બહાર આવ્યું છે કે, ખર્ચની મૂળ રકમ કરતાં વધુ રકમના વાઉચર પર સહીઓ કરવામાં આવી હતી અને જે વ્યક્તિઓને નાણાં ચૂકવવાના હતા તેમને માત્ર અડધી જ રકમ આપી સંતોષ મનાવ્યો હતો. આ ઉપરાંત, ડમી સહીઓ કરીને અંદાજે કુલ રૂપિયા 1900ના ખોટા વાઉચરો બનાવવામાં આવ્યા હોવાનું પણ પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવ્યું છે.

માત્ર નાણાકીય જ નહીં, પરંતુ વહીવટી સ્તરે પણ શિક્ષિકા મુખ્ય શિક્ષકને શાળાની કામગીરીમાં સહયોગ આપતા નથી અને શાળામાં શિસ્તને બદલે અવ્યવસ્થા સર્જતા હોવાનો ગંભીર આક્ષેપ નોટિસમાં મૂકવામાં આવ્યો છે.

આ અંગે શિક્ષણ વિભાગના તારીખ 7મી ફેબ્રુઆરી, 2014ના ઠરાવ મુજબ, શિક્ષકનું વર્તન વ્યવસાયની ગરિમા જળવાય તેવું હોવું જોઈએ, જેનો આ કિસ્સામાં ભંગ થયો હોવાનું જણાય છે. આથી, ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો 1997 હેઠળ શિક્ષાત્મક પગલાં કેમ ન લેવા, તે અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ સાત દિવસમાં લેખિત ખુલાસો માંગ્યો છે.

મ'વાદમાં ચેક પરત ફરતાં વેપારીને છ માસની કેદ

કેડીસીસીના ધિરાણ બદલ રૂ.9.22 લાખનો ચેક આપ્યો હતો

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.7

મહેમદાવાદ ખાતે આવેલી કેડીસીસી બેંકની શાખામાંથી વેપારીએ ધિરાણ લીધું હતું. આ ધિરાણ બદલ તેણે આપેલો રૂ.9.22 લાખનો ચેક આપ્યો હતો. જે પરત ફરતાં છ માસની સાદી કેદની સજા ફટકારી હતી.

નડિયાદની ધી ખેડા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી.ની મહેમદાવાદ શાખામાંથી મહેક ઈલેક્ટ્રોનિક્સના પ્રો. અબ્દુલખાલીફ અબ્દુલસતાર શેખ (રહે. રણછોડજી પોળ, મહેમદાવાદ)એ ધિરાણ લીધું હતું. જોકે, ધિરાણની રકમ સમયસર નહીં ભરતા કેડીસીસી બેંક દ્વારા ઉઘરાણી કરવામાં આવી હતી. તે રકમની પરત ચુકવણી પેટે અબ્દુલખાલીફ એ. શેખ એ કેડીસીસી બેંકને પોતાનો ચેક રકમ રૂ.9,22,476.05નો લખી આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. આ કિસ્સામાં નોગશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ 138 મુજબ મહેક ઈલેક્ટ્રોનિક્સના પ્રો. અબ્દુલખાલીફ અબ્દુલસતાર શેખ સામે ક્રિમીનલ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી હાથ ધરતાં બન્ને પક્ષોની દલીલ અને પુરાવાની ચકાસણી બાદ નડિયાદના છઠ્ઠા અધિક સેશન્સ જજ રામેશ્વર જીતેન્દ્ર મીરાણીની અદાલતમાં ચાલ્યો હતો. જ્યાં મહેક ઈલેક્ટ્રોનિક્સના પ્રો. અબ્દુલખાલીફ અબ્દુલસતાર શેખને તકસીરવાર ઠરાવી રૂ.9,22,476.05નો દંડ જમા કરવાનો અને જો દંડની રકમ ન ભરે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

બોરસદમાં યુવક પર હુમલામાં કાકા અને ભત્રીજાને કેદની સજા

કાકાને એક વર્ષ અને ભત્રીજાને બે વર્ષની કેદનો હુકમ કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.7

બોરસદ તાલુકાના સારોલ ગામમાં સાડા ચાર વરસ પહેલા દારૂ પીવાની ટેવ વાળા શખસને ઠપકો આપતા તે ઉશ્કેરાઇ ગયો હતો અને તેણે ઝઘડો કર્યો હતો. આ ઝઘડામાં ભત્રીજા સાથે મળીને ઈંટના છુટ્ટા ઘા કરતા યુવકને ગંભીર ઈજા પહોંચી હતી. આ અંગે કોર્ટે બન્ને કાકા - ભત્રીજાને કેદની સજા ફટકારી છે.

બોરસદના સારોલ ગામમાં રહેતા માનસિંહ પ્રતાપસિંહ જાદવની પડોશમાં ગેમલસિંહ ફતેસિંહ જાદવ રહે છે, આ ગેમલસિંહ દારૂ પીવાની ટેવ વાળા હોવાથી દારૂ પીને મનફાવે તેમ જોરજોરથી બોલતો હતો. આ અંગે માનસિંહને સાડા ચાર વરસ પહેલા ઠપકો આપતા ઝઘડો થયો હતો. દરમિયાનમાં માનસિંહ 17મી માર્ચ,2021ના રોજ સાંજના તેમના પરિવાર સાથે ઘર પાસે બેઠાં હતાં, તે સમયે ગેમલસિંહ ફરી અપશબ્દ બોલવા લાગ્યો હતો. આથી, તેને ઠપકો આપતા તેનો ભત્રીજો બળવંતસિંહ રામસિંહ જાદવ ધસી આવ્યો હતો અને ઈંટનું અડધીયું લઈને ઘા કરતાં માનસિંહના દિકરા ધર્મેન્દ્રને વાગતા ગંભીર ઈજા પહોંચી હતી. આથી, બુમાબુમ થતાં આસપાસ લોકો ભેગા થઈ ગયા હતા અને ધર્મેન્દ્રને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આ અંગે ભાદરણ પોલીસે ગેમલસિંહ જાદવ અને બળવંતસિંહ જાદવ સામે ગુનો નોંધી જરૂરી તપાસ કરી હતી. આ તપાસ બાદ ચાર્જશીટ રજુ કરી કોર્ટમાં મુકી હતી.

બોરસદની કોર્ટમાં આ કેસ ચાલ્યો હતો. જ્યાં સરકારી વકિલ જી. કે. સોનારાની દલીલ, 17 દસ્તાવેજી પુરાવા અને સાહેદોને ધ્યાનમાં રાખી ન્યાયધિશે બન્નેને કસુરવાર ઠેરવ્યાં હતાં. જ્યાં ગેમલસિંહ ફતેસિંહ જાદવને એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ. એક હજારનો દંડનો હુકમ કર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ફટકારી હતી. જ્યારે બળવંતસિંહ રામસિંહ જાદવને બે વર્ષની સાદી કેદની સજા તથા રૂ. એક હજારનો દંડ કરવાનો હુકમ કર્યો હતો. જો દંડની રકમ ભરવામાં નિષ્ફળ નિવડે તો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

ભાઇકાકા યુનિવર્સિટીની નર્સિંગ બેઠકમાં 310નો વધારો કરાયો

રૂ. 7.5 કરોડના દાનથી નિર્મિત 'વેમેઈડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ સાયન્સીસ'નું ઉદ્ઘાટન

(પ્રતિનિધિ) આણંદ તા.7

કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી ખાતે રૂ.7.5 કરોડના દાનથી વેમેઈડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ સાયન્સીસનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ભવનથી નર્સિંગ બેઠકોમાં 310નો વધારો થતા હવે કુલ 575 વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે.

કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી ખાતે સાતમી જાન્યુઆરીના રોજ વેમેઈડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ સાયન્સિસનું ગરિમાપૂર્ણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વેમેઈડ ગ્રુપ અને શાંતા ફાઉન્ડેશન (યુકે)ના સ્થાપક ડો. ભીખુભાઈ સી. પટેલ અને ડો. વિજયકુમાર સી. પટેલ (ઓબીઈ)ના હસ્તે આ સંસ્થા ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે અને અનુપમ મિશનના ગુરૂહરિ સંત ભગવંત સાહેબદાદા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા.

ચરોતર પ્રાંતમાં તાલીમબદ્ધ નર્સોની અછત દૂર કરવાના હેતુથી આ ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ ડો. ભીખુભાઈ અને ડો. વિજયકુમાર પટેલના રૂ. 7.5 કરોડના માતબર દાન દ્વારા કરવામાં આવ્યું છે. આ વિસ્તરણને કારણે નર્સિંગ કોલેજમાં બેઠકોની સંખ્યા 265થી વધીને 575 થશે, જેમાં એમ.એસ.સી., બી.એસ.સી. અને ડિપ્લોમા નર્સિંગના કુલ 310

નવા વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકાશે. આ નવું બાંધકામ 25 હજાર સ્ક્વેર ફૂટમાં ફેલાયેલું છે, જેમાં ચાર સ્માર્ટ લેક્ચર હોલ, એડવાન્સ સ્કિલ લેબ, સ્પેશ્યલાઈઝ લેબોરેટરી અને આધુનિક લાઈબ્રેરી જેવી સવલતો ઉપલબ્ધ છે. કાર્યક્રમ દરમિયાન એ પણ જાહેર કરવામાં આવ્યું હતું કે, પૂનાની બજાજ હોલ્ડીંગ લિમિટેડ દ્વારા યુનિવર્સિટીના નર્સિંગ અને અન્ય હેલ્થ સાયન્સના 180 જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ પૂરી પાડવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, શાંતા ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત વેમેઈડ ક્રિટિકલ કેર સેન્ટરે કોવિડ કાળ દરમિયાન 10 હજારથી વધુ દર્દીઓની સારવાર કરી હતી. આ પ્રસંગે ચારુતર આરોગ્ય મંડળના ચેરમેન તારક પટેલ, અતુલ પટેલ, અમિત પટેલ અને યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીઓ મહાનુભાવો હાજર રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225